ક્રમાંકઃસીટીએસ/ચ-૪/પ્રવેશ/૨૦૧૭/૧૦૮૩૦
રોજગાર અને તાલીમ નિયામકશ્રીની કચેરી,
બ્લોક નંબરઃ૧/૩જો માળ, ગુજરાત રાજ્ય.
ડૉ.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર
તારીખઃ૨૫/૦૭/૨૦૧૭

પ્રતિ,
નાયબ નિયામકશ્રી(તાલીમ),
પ્રાદેશિક કચેરી,
અમદાવાદ / વડોદરા / રાજકોટ / સુરત

વિષયઃ <u>ઓગષ્ટ-૨૦૧૭ના પ્રવેશસત્રના એકશન પ્લાનમાં ફેરફાર કરવા બાબત</u>
સંદર્ભ:(૧)આ કચેરીનો તારીખ:૨૫/૦૫/૨૦૧૭નો પરિપત્ર ક્રમાંકઃસીટીએસ/ચ-૪/પ્રવેશ/ ૨૦૧૭/૬૭૪૬
(૨) DGT New Delhi Lette No:DGT-6/Court/27(10)/2016-TC Desk Dated:09/06/2017
(3) DGT New Delhi Lette No:DGT-6/Court/27(10)/2016-TC Desk Dated:21/06/2017
(૪)આ કચેરીનો તારીખ:૧૮/૦૭/૨૦૧૭નો પત્ર ક્રમાંકઃસીટીએસ/ચ-૪/પ્રવેશ/૨૦૧૭/૧૦૪૮૯

શ્રીમાન,

ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે, આ કચેરીના સંદર્ભ- ૧ હેઠળના પરિપત્રથી આ ખાતાના નિયંત્રણ હેઠળ આવેલ રાજયની સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ તથા ગ્રાન્ટ-ઇન-એઇડ ઔદ્યોગિક તાલીમ કેન્દ્રોમાં ઓગસ્ટ-૨૦૧૭ ના પ્રવેશસત્ર માટેનો પ્રવેશ એકશનપ્લાન નક્કી કરવામાં આવેલ હતો.

તદ્દાનુસાર મીનીસ્ટ્રી ઓફ સ્કીલ ડેવલપમેન્ટ એન્ડ એન્ટરપ્રિન્યોરશીપ નવી દિલ્હીના સંદર્ભ-૨ હેઠળના પત્રથી ઓગષ્ટ-૨૦૧૭ના પ્રવેશસત્ર માટે નક્કી થયેલ તાલીમી કેલેન્ડર તથા સંદર્ભ-૩ હેઠળના પત્રમાં દર્શાવેલ પ્રવેશ સંબંધિત સુચનાઓ ધ્યાને લેતાં આ કચેરીના સંદર્ભ-૪ હેઠળના પરિપત્રથી પ્રવેશ સત્ર ઓગષ્ટ-૨૦૧૭ ના એકશનપ્લાનમાં ફેરફાર કરી રીવાઇઝ્ડ એકશનપ્લાન નક્કી કરવામાં આવેલ હતો.

માન.નિયામકશ્રીના અધ્યક્ષ સ્થાને વડી કચેરી, ગાંધીનગર ખાતે તારીખ:૨૫/૦૭/૨૦૧૭ના રોજ તમામ નાયબ નિયામકશ્રી(તાલીમ), પ્રાદેશિક કચેરી સાથેની મિટિંગમાં થયેલ ચર્ચા-પરામર્શના અંતે સંદર્ભ-૪ હેઠળના પત્રથી નક્કી થયેલ રીવાઇઝ્ડ એકશનપ્લાન રદ કરી સંદર્ભ-૧ હેઠળના પરિપત્રથી નક્કી કરેલ એકશન પ્લાન મુજબ પ્રવેશ કાર્યવાહી હાથ ધરવાની રહેશે.

મીનીસ્ટ્રી ઓફ સ્કીલ ડેવલપમેન્ટ એન્ડ એન્ટરપ્રિન્યોરશીપ નવી દિલ્હીના સંદર્ભ-૨ હેઠળના પત્રમાં દર્શાવેલ સમય-મર્યાદાને ધ્યાને લેતાં ત્રીજા રાઉન્ડ(વહેલા તે પહેલા ના ધોરણે)ની પ્રવેશ કાર્યવાહી જે તે સંસ્થાકક્ષાએ કરવાની થતી હતી તે ચાલુ વર્ષ માટે રદ કરવામાં આવે છે.

આપના રીજીયન હેઠળ આવેલ રાજયની તમામ સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ તથા ગ્રાન્ટ-ઇન-એઇડ ઔદ્યોગિક તાલીમ કેન્દ્રો દ્વારા આ સામેલ રાખેલ એકશન પ્લાન મુજબ પ્રવેશ કાર્યવાહી હાથ ધરવા આપની કક્ષાએથી તમામને સુચના આપવા યોગ્ય પ્રબંધ કરશો.

(ફાઇલ ઉપર માન.નિયામકશ્રીના આદેશ મેળવેલ છે)

આપનો વિશ્વાસુ

નાયબ નિયામક(તાલીમ)
રોજગાર અને તાલીમ
ગાંધીનગર.

<u>બિડાણ: એકશન પ્લાન</u>

નાડીયા/Admission-2017/

# પ્રવેશ સત્ર ઓગષ્ટ-૨૦૧૭ માટે ટ્રેડ ટ્રાન્સફર અને બીજા રાઉન્ડની પ્રવેશ પ્રક્રિયા માટેનો પ્રવેશ એકશન પ્લાન

| ક્રમ | વિગત | તારીખ |
|---|---|---|
| સંસ્થા કક્ષાએ ટ્રેડ ટ્રાન્સફરની પ્રવેશ કાર્યવાહી માટે | | |
| ૧ | ટ્રેડ ટ્રાન્સફર માટે તાલીમાર્થીઓ પાસેથી અરજી મેળવવાની તારીખ | તારીખ:૧૧/૦૮/૨૦૧૭ |
| ૨ | તાલીમાર્થીઓને મેરીટ આધારીત ટ્રેડ ટ્રાન્સફર આપવાની તારીખ | તારીખ:૧૨/૦૮/૨૦૧૭ |
| બીજા રાઉન્ડની નોડલ સંસ્થા કક્ષાએ પ્રવેશ કાર્યવાહી માટે | | |
| ૧ | ઓનલાઇન પ્રવેશ ફોર્મ ભરવાનું શરૂ કરવાની તારીખ | તારીખ:૨૭/૦૭/૨૦૧૭ |
| ૨ | પ્રવેશ ફોર્મ આઇ.ટી.આઇ. ખાતે રજીસ્ટર્ડ કરવાની છેલ્લી તારીખ અને સમય | તારીખ:૧૧/૦૮/૨૦૧૭ સાંજે ૧૮.૦૦ કલાક સુધી |
| ૩ | નોડલ સંસ્થા ખાતે મેરીટ લીસ્ટ પ્રસિદ્ધ કરવાની તારીખ | તારીખ:૧૪/૦૮/૨૦૧૭ |
| ૪ | નોડલ સંસ્થા ખાતે રૂબરૂ મુલાકાત અને પ્રવેશ આપવા અંગેની કાર્યવાહીની તારીખ | તારીખ:૧૬/૦૮/૨૦૧૭ સવારે ૧૧.૦૦ કલાક |
| ૨૦૧૭-૨૦૧૮ ના શૈક્ષણિક સત્રની શરૂઆત | | |
| ૧ | તાલીમાર્થીઓને સંસ્થા ખાતે હાજર કરવાની તારીખ | તારીખ:૦૧/૦૮/૨૦૧૭ |
| ૨ | પ્રથમ સેમેસ્ટર શરૂ કરવાની તારીખ | તારીખ:૦૧/૦૯/૨૦૧૭ |